Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity - ISSN : 2279-0233

Continuous issue-26 | August – September 2016

# અમીરગઢ તાલુકાના આદિવાસી ડુંગરી ગરાસિયા જાતિના ઉત્સવગીતો

ગુજરાતના શિરમોર સમા બનાસકાંઠા જિલ્લાની ઉત્તરે અરવલ્લીની ગિરિમાળાઓમાં આવેલ અમીરગઢ તાલુકો ડુંગરાળ પ્રદેશ અને નયનરમ્ય વનરાજીને કારણે આગવી ઓળખ ધરાવે છે. આ રમણીય પ્રાકૃતિક પ્રદેશમાં મનમોજી અને સ્વતંત્ર મિજાજ ધરાવતા ખમીરવંતા આદિવાસીઓ વસે છે. આ આદિવાસી સમાજની રહેણીકરણી, રીતરીવાજો, ખાનપાન ને સંસ્કૃતિ ભાતીગળ છે. અમીરગઢ પટ્ટામાં સૌથી મોટો સમૂહ ડુંગરી ભીલ અને ડુંગરી ગરાસિયા આદિવાસી જાતિનો છે. તેમાં પણ ડુંગરી ગરાસિયા જાતિ આદિવાસી સમુદાયમાં ઉચ્ચ દરજ્જો ધરાવતી જ્ઞાતિ છે. તેમના સમુદાયમાં તેઓની ઓળખ રાજપૂત તરીકેની છે. આ સમુદાયના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી અને કારીગરી છે. પ્રસ્તુત શોધપત્રમાં આ આદિવાસી ડુંગરી ગરાસિયા જાતિમાં વાર-તહેવારે ગવાતા કેટલાક અપ્રસિદ્ધ ઉત્સવગીતોનો ભાવાર્થ તેના શબ્દાર્થ સાથે રજૂ કરવાનો પ્રયાસ છે.

દરેક સમાજ જીવનમાં તહેવારો મોટો ભાગ ભજવે છે. તેમ આદિવાસી ડુંગરી ગરાસિયા જાતિમાં પણ ઉત્સવો, મેળાઓ અને તહેવારોનું વિશેષ મહત્ત્વ છે. આ ઉત્સવો દરમિયાન તેઓમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે ને ઉત્સવના ઉત્સાહને કારણે તેઓ તરત જ ગીતો જોડી કાઢતા હોય છે. આવા ઉત્સવગીતોમાં શાળા પ્રવેશોત્સવ, મેળો, અખાત્રીજ, બળેવ, નવરાત્રી, દિવાળી, હોળી, શિવરાત્રી ઇત્યાદિ ઉત્સવો પર રચાયેલ ગીતોનો સમાવેશ થાય છે. શોધપત્રની મર્યાદાને ધ્યાને લઇ શાળા પ્રવેશોત્સવ, મેળો, હોળી અને દિવાળી આ ચાર ઉત્સવને લગતા એક એક ગીતની જ અહીં પસંદગી કરેલ છે. આ દિશામાં ક્ષેત્રકાર્ય કરી અમીરગઢ તાલુકાના આદિવાસી સમાજના વધુ લોકગીતોનું સંપાદન કરવામાં આવે તો વિસરાતી જતી આ વિરાસતને સાચવી શકાય તેમ છે.

ભારતીય સંસ્કૃતિમાં ઉત્તમ મનાતા સોળ સંસ્કારોમાંનો મહત્ત્વનો સંસ્કાર એટલે વિદ્યારંભ સંસ્કાર. શાળા પ્રવેશ સમયે અપાતો વિદ્યારંભ સંસ્કાર આજે ‘શાળા પ્રવેશોત્સવ’ના નામથી જાણીતો છે. ગુજરાત સરકારે શાળા પ્રવેશોત્સવની શરૂઆત પણ કરી ન હતી તે પહેલાંથી આ ડુંગરાળ પ્રદેશમાં આદિવાસી ડુંગરી ગરાસિયા જાતિ દ્વારા શાળા પ્રવેશોત્સવ ઉજવાય છે ને તેના ગીતો પણ ગવાય છે. બાળકને પ્રથમ વખત શાળાએ મોકલવામાં આવે ત્યારે આ ગીત ગાવામાં આવે છે.

માઈતી બાપા ભણવા મેલો,
પ્રાળાવાળી ઇસકોલે
એકરો બગરો ભણવા મેલો,
પ્રાળાવાળી ઇસકોલે
મારત બાપા ભણવા જાવું,
પ્રાળાવાળી ઇસકોલે
મોટામોટા સાયબો આવે,
મારતી જાવું પ્રાળાવાળી ઇસકોલે

જાવા દીઓને બાપા
ધીરધીર જમાનો બદળ
માઈતી બાપા ભણવા મેલો
પ્રાળાવાળી ઇસકોલે
બાકરાં ધરે ન જાંઉ બાપા
ધીરધીર જમાનો બદળ
ભણવા જાવા દીઓને બાપા
પ્રાળાવાળી ઇસકોલે
માઈતી બાપા ભણવા મેલો,
પ્રાળાવાળી ઇસકોલે

ખેતમજૂરી, કારીગરી કે છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવતી આ જાતિમાં શિક્ષણનું સ્તર નીચું છે. બાળકોને પણ શિક્ષણ મેળવવાની વયે શાળાએ મોકલવાને બદલે મજૂરી કરવા મોકલવામાં આવે છે. આથી શિક્ષણ મેળવી જમાના સાથે કદમ મિલાવવાની ઝંખના સેવતા બાળકની લાગણી ને માગણી આ ગીતમાં રજૂ થઇ છે. બાળક તેના પિતા પાસે શાળાએ ભણવા જવાની જીદ કરે છે. વળી, શાળા પણ કેવી? તો કહે પ્રાળાવાળી. એટલે કે, પાટલીઓવાળી. પિતાજી મને પાટલીવાળી શાળામાં ભણવા મૂકો. જ્યાં એકડો-બગડો ભણાવવા માટે મોટામોટા સાહેબો આવે છે. જમાનો પણ હવે ધીમેધીમે બદલાઈ રહ્યો છે. હું હવેથી બકરાં ચરાવવા નહીં જવું. મને શાળાએ ભણવા મૂકો. મારે પણ શાળાએ ભણવા જવું છે.

અમીરગઢ તાલુકો તેના લોકમેળાઓ માટે પણ વિશેષ જાણીતો છે. કેદારનાથમાં ભરાતો મહાશિવરાત્રીનો મેળો, ખૂણીયાનો ચૈત્ર સુદ પૂનમનો મેળો, અમીરગઢનો ફાગણ વદ આઠમનો મેળો, ઇકબાલગઢનો ભાદરવા સુદ નોમે ભરાતો રામાપીરનો મેળો વગેરેમાં આદિવાસી સમાજની લોકસંસ્કૃતિની ઝલક જોવા મળે છે. ઉત્સવો સમયે યોજાતા આ મેળાઓ તેમના જીવનમાં વણાઈ ગયા છે.

આદિવાસી સમાજમાં મેળો એટલે મેળ કરવો - મેળ પાડવો. આ મેળાઓમાં જીવનસાથીની પસંદગીનો મેળ પાડવામાં આવે છે. અમીરગઢ તાલુકામાં હોળીના ઉત્સવ બાદ ફાગણવદ મહિના પછી આદિવાસી સમાજના મેળાઓની ઉજવણી શરૂ થાય છે. જેમાં આબાલવૃદ્ધ ઉત્સાહથી ઝૂમી ઊઠતાં હોય છે. ઢોલ, બંસી, થાળીવાજું કે નાની ઢોલકી જેવા પારંપારિક લોકવાદ્યોના તાલે ઉત્સવગીતોની રમઝટ રમાતી હોય છે. લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓ ઉત્સવગીતો ગાઈને એકબીજાને આકર્ષવાનો પ્રયાસ કરતા હોય છે. આવું જ મેળામાં ગવાતું એક ગીત જોઈએ –

મેળો મેળો કરતે રે, મેળો આયો ઘેર રયે ગીયે
કણાંવાળી કોદાળી રે, મેળો આયો ઘેર રયે ગીયે
મેળો મેળો કરતે રે, મેળો આયો ઘેર રયે ગીયે
કણાંબળા કોદાળા રે, મેળો આયો ઘેર રયે ગીયો
મેળો મેળો કરતે રે, મેળો આયો ઘેર રયે ગીયો
કિણાં કિણાં ગામેમાં રે, મેળો આયો ઘેર રયે ગીયે
ગામ છાંપુ સાવે હોવે રે, મેળો આયો ઘેર રયે ગીયો

કણાંવાળી કોદાળી રે, મેળો આયો ઘેર રયે ગીયે

યુવક યુવતીઓ આતુરતાથી મેળાની રાહ જોતા હોય છે. અને મેળો ભરાય એટલે આનંદમાં આવી ઝૂમી ઊઠે છે ને ગાય છે કે મેળો મેળો કરતાં હતાં લો હવે મેળો આવી ગયો જો જો ઘરે રહી જતા નહીં. આ કોની છોકરી છે કે જે મેળામાં ગયા વિના રહી ગઈ છે અને આ કોનો છોકરો છે કે જે મેળામાં ગયા વિના રહી ગયો છે. યુવક યુવતીઓ મેળામાં જનારાઓને પૂછે છે કે, કયા કયા ગામનો મેળો ભરાયો છે. આખા ગામમાં બધાને ખબર પડી ગઈ છે કે મેળો ભરાયો છે તો પણ આ કોની છોકરી છે કે જે ઘરે રહી ગઈ છે?

અમીરગઢના આદિવાસી સમાજમાં હોળી ઉત્સવનું મહત્ત્વ સૌથી વધુ છે. તેના પાછળનું એક કારણ એ પણ હોઈ શકે કે અમીરગઢ ગુજરાત અને રાજસ્થાનની સીમા પર આવેલું છે. તેથી રાજસ્થાનીઓ સાથેનો સંપર્ક હોઈ રાજસ્થાની લોકજીવન અને તેમના ઉત્સવોની અસર પણ તેમની પર થઇ હશે. રાજસ્થાનીઓની જેમ જ અમીરગઢના આદિવાસી લોકો પણ હોળી આવતા જ પંદર દિવસ અગાઉથી જ ઢોલ સાથે ગીત-નૃત્ય કરે છે. હોળી ઉત્સવનું એક ગીત જોઈએ.

ગોરી કીણાંભાઈ વાળાં, ગોરી ફાગણીઓ વાજે આદો
ફાગણીઓ વાજે આદો, સેતરીયો વાજે ગોરી થમાં રમવા આવો.
ગોરી મોહનભાઈ વાળાં, ગોરી થમાં રમવા આવો.
ગોરી ફાગણીઓ વાજે આદો, ફાગણીઓ વાજે આદો.
સેતરીયો વાજે ગોરી થમાં રમવા આવો
ગોરી હોળીયાંના દન ગોરી થમાં રમવા આવો.
ગોરી કીણાંભાઈ વાળાં, ગોરી થમાં રમવા આવો.

ગોરી તમે કોના પત્ની છો? તમે હોળી રમવા માટે આવો. ફાગણ અડધો વીતી ગયો ને ચૈત્ર પણ વહી જશે. ગોરી તમે હોળી રમવા આવો. મોહનભાઈના પત્ની તમે રમવા આવો. ફાગણ મહીનામાં હોળીના ઉત્સવમાં તમે રમવા આવો.

હોળીની જેમ દિવાળી પણ આદિવાસીઓનો પ્રિય ઉત્સવ છે. દિવાળીના તહેવારમાં તેઓ અરેલા ગાય છે ને વહી ગયેલી વાતો પર ગીતો રચી નૃત્ય કરે છે. દિવાળી ઉત્સવનું એક ગીત માણીએ.

માર હાદુરીય યું કયું, વઉ પાડાઈ પોણી પાઈ રે
લીલુરી ગાંસ રે મ બાળી ભોળી યું જાણીયું
વઉ પાડાઈ કૂવામાં નાંખરે લીલુરી ગાંસ રે
માર હાદુરીય યું કયું, વઉ પાડાઈ પૂળો નાંખ રે
લીલુરી ગાંસ રે મ બાળી ભોળી યું જાણીયું
વઉ પાડાઈ દાતરું ઝીકરે લીલુરી ગાંસ રે
માર હાદુરીય યું કયું, વઉ ગાર ગાલે ઘર લિયે રે
લીલુરી ગાંસ રે મ બાળી ભોળી યું જાણીયું
વઉ હાળા ઢોળે ઘર લિયે રે લીલુરી ગાંસ રે
માર હાદુરીય યું કયું, વઉ દિવલો આળીયો મેલે રે
લીલુરી ગાંસ રે મ બાળી ભોળી યું જાણીયું
વઉ દિવલો ઘરેમાં મેલ રે લીલુરી ગાંસ રે

હદ્દુ બળકે હોરે બળ હેરિયા થિંટીયાં કહે રે લીલુરી ગાંસ રે

મારી સાસુએ એમ કહ્યું કે પાડાને પાણી પાજે ને લીલો ચારો નાંખજે ને હું બળી ભોળી એમ સમજી કે પાડાને કૂવામાં નાખજે. મારી સાસુએ એમ કહ્યું કે પાડાને પૂળો નાખ ને હું ભોળી એવું સમજી કે પાડાને દાતરડું માર. મારી સાસુએ એમ કહ્યું કે વહુ ઘર ગારમાટીથી લીપી દેજે ને હું બળી ભોળી એમ સમજી કે ઘર રાબ ઢોળીને લીપી દે.મારી સાસુએ એમ કહ્યું કે વહુ દીવો ગોખમાં મૂકજો અને હું ભોળી એમ સમજી કે દીવો ઘરમાં જઈને મૂકજો. સાસુ એવું કહે છે કે, વહુ શેરીના બાળકો તારી ઠઠ્ઠા મશ્કરી કરે છે.

ટૂંકમાં, ઉત્તર ગુજરાતના અમીરગઢ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં વસતા ડુંગરી ગરાસિયા સમૂહના ઉત્સવગીતો અને પ્રસંગોપાત ગવાતા લોકગીતો આ વિસ્તારમાં ખૂબ જ લોકપ્રિય અને આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. આ ગીતોનું સંપાદન કરી તેની બોલી અને શબ્દભંડોળનો ગહન અભ્યાસ થાય તો અહીંના આદિવાસી સમાજના લોકજીવન અને લોકસંસ્કૃતિને ઉજાગર કરી શકાય.

## <u>શબ્દાર્થ</u>

### શાળા પ્રવેશોત્સવ ગીત

| | | |
|---|---|---|
| માઈતી | - | મને |
| બાપા | – | પિતાજી |
| મેલો | – | મૂકો |
| પ્રાળા | – | પાટલી |
| ઇસકોલે | – | નિશાળે |
| બદળ | – | બદલાય |
| ધીરધીર | – | ધીમેધીમે |

### મેળામાં ગવાતું ગીત

| | | |
|---|---|---|
| કરતે | - | કરતાં |
| કણાંવાળી | - | કોનાવાળી |
| કોદાળી | - | છોકરી |
| કોદાળા | - | છોકરા |
| કિણાં કિણાં | - | કયાં કયાં |
| રયે ગીયે | - | રહી ગઈ |
| રયે ગીયો | - | રહી ગયો |
| સાવે | - | ખબર પડી જવી |

### હોળીનું ગીત

| | | |
|---|---|---|
| કીણાંભાઈવાળા | - | કોનાભાઈવાળા |
| સેતરીયો | - | ચૈત્ર |
| વાજે | - | વહી જવું |
| થમાં | - | તમે |

| | | |
|---|---|---|
| આદો | - | અડધો |
| હોળિયાંના દન | - | હોળીના દિવસે |
| રમણા | - | રમવા |

**દિવાળીનું ગીત**

| | | |
|---|---|---|
| હાદુરીય | - | સાસુ |
| યું | - | એમ |
| કયું | - | કહ્યું |
| વઉ | - | વહુ |
| પાડાઈ | - | પાડો |
| પાઈ રે | - | પિવડાવવું |
| લીલુરી | - | સ્ત્રી માટે પ્રયોજાતો શબ્દ |
| ગાંસ રે | - | ઘાસ |
| મ | - | મે |
| પૂળો | - | ઘાસનો પૂળો |
| દાતરું | - | દાતરડું |
| ઝીકરે | - | મારવું |
| દિવલો | - | દીવો |
| આળિયો | - | ગોખલો |
| હોર | - | ઓસાડ, સૂતી વખતે ઓઢવાનું કપડું |
| હેરિયા | - | શેરી |
| થિંટીયાં | - | હસવું |

******************************************************************

ગોસ્વામી રૂપેશભારતી આર.
મદદનીશ પ્રાધ્યાપક
સરકારી વિનયન કૉલેજ,
અમીરગઢ

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat